આદિવાસી કુમાર છાત્રાલયના રસોયા અને ચોકીદારના ત્રાસથી વિદ્યાર્થીઓએ શિક્ષણનો બહિષ્કાર કર્યો

ભિલોડા,તા.૮

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત આદિવાસી કુમાર છાત્રાલયના રસોયા અને ચોકીદારના ત્રાસથી વિદ્યાર્થીઓએ શિક્ષણનો બહિષ્કાર કર્યોછે ત્યારે વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય બન્યું છે.

ભિલોડા આદિવાસી કુમાર છાત્રાલયમાં રહેતા ૪૮ વિદ્યાર્થીઓએ રસોયા અને ચોકીદાર દંપતીના વર્તનથી ત્રાહિમામ પોકારી શિક્ષણનો બહિષ્કાર કરતાં છાત્રાલયમાં નહી પ્રવેશવાનો ઈન્કાર કર્યો હતો.જન સેવા સંઘના હોદ્દેદારોએ બંન્ને કર્મચારીઓને આશરે દોઢ વર્ષ અગાઉ કાયદેસરની કાર્યવાહી મુજબ છુટા કરવાનો આદેશ કર્યો હોવા છતાં બંન્ને કર્મચારીઓ આદિવાસી કુમાર છાત્રાલય કેમ્પસ છોડતા ન હોવાથી જન સેવા સંઘના જાગૃત હોદ્દેદારોએ અરવલ્લી જીલ્લા પોલીસ વડા કે.એન.ડામોર,ભિલોડા મામલતદાર જયશ્રીબેન શાહ,ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ. આર. સંગાડા સહિત લાગતા-વળગતા વહીવટી તંત્રના અધિકારીઓને ધારદાર રજુઆત કરેલ છે.

ભિલોડા જન સેવા સંઘ પ્રમુખ ગીરીશભાઈ ઉપાધ્યાય,ઉપપ્રમુખ રોહિતભાઈ ત્રિવેદી,કારોબારી સભ્ય ભરતભાઈ ત્રિવેદી,આદિવાસી કુમાર છાત્રાલય ગૃહપતી અરવિંદભાઈ પારઘીએ જણાવ્યું હતું કે અનિલકુમાર કટારા અને નીરૂબેન ડામોર બંન્ને નવદંપતી ધ્વારા છેલ્લા કેટલાક સમયથી વિદ્યાર્થીઓ સાથે અભદ્ર વર્તન કરતા હોવાના કારણે હંગામી ધોરણે રાખેલા રસોયા અને ચોકીદાર દંપતીને દોઢ વર્ષ અગાઉ છુટા કર્યા છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે દંપતી છાત્રાલયનું કેમ્પસ છોડતા નથી ત્યારે નવિન શૈક્ષણિક સત્રમાં વિદ્યાર્થીઓએ શિક્ષણનો બહિષ્કાર કર્યો છે.વિદ્યાર્થીઓના ભાવી સાથે ચેંડા થઈ રહ્યા છે.વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે દંપતીને છાત્રાલયમાંથી દુર કરાયા હોવા છતાં કેમ જતા નથી ત્યારે વિદ્યાર્થીઓએ શિક્ષણનો બહિષ્કાર કરાતાં વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય બન્યું છે.

ગજ્જર સુથાર સમાજનો સમુહ લગ્નોત્સવ

વડોદરા, તા. ૮

ગજ્જર સુથાર સમાજ ગુજરાત રાજ્ય એકમના પ્રમુખ ઠાકોર મિસ્ત્રીએ જણાવેલ છે કે ૧૧મો સમુહ લગ્નોત્સવ તા. ૪થી ફેબ્રુઆરીના રોજ ધર્મજ મુકામે યોજાશે. સમુહ લગ્નમાં જોડાવવા ઈચ્છતા મેવાડા ગજ્જર, વૈશ્ય, પંચોળી યુવક યુવતીઓને સમાજની ઓફિસેથી ફોર્મ મેળવીને ભરવાનુ રહેશે. સાત ફેરા કુમકુમ પગલાં તથા કુંવરબાઈનું મામેરૂના લાભ મેળવવા જરૂરી કાગળો ફોર્મ ભરવાનું રહેશે. દાતાશ્રીએ સમયસર નોંધણી કરાવે જેથી લગ્નપત્રિકામાં જાણ થઈ શકે.

તેજસ્વી તારલાઓની માર્કશીટ ઓફિસે પહોંચાડવી. કાન્તીભાઈ મિસ્ત્રી ગુજરાત સુથાર સમાજ, મરીમાતાનો ખાંચો, અગ્નિશાંતી કેન્દ્ર સામે, દાંડીયા બજાર ચાર રસ્તા, વડોદરાનો રૂબરૂ કે ફોન નં. ૦૨૬૫-૨૪૧૬૧૬૧ ઉપર સંપર્ક સાધી શકાશે.

અરવલ્લી જિલ્લામાં બીજા દિવસે પણ ગૌરવ સંપર્ક મહાઅભિયાન

ભાજપના કાર્યકર્તાઓ ગુજરાત ગૌરવ સંપર્ક મહાઅભિયાન અંતર્ગત ઘરે -ઘર સપર્ક કર્યો હતો. મોડાસા વિધાનસભા ક્ષેત્રના વિસ્તારક અને સાબરડેરીના ડિરેક્ટર ભોગીલાલભાઈ પટેલ, મોડાસા તાલુકાના પ્રભારી અને ભાજપ અગ્રણી ગુલાબચંદભાઈ પટેલ, જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને ટીટોઇ જિલ્લા પંચાયત સીટના ઈન્ચાર્જ પ્રભુદાસભાઈ પટેલ વિસ્તારોમાં સંપર્ક કરી રહ્યા છે. કોકાપુર ગામે સ્થાનિકો સાથે સંપર્ક કરી પત્રિકાઓનું વિતરણ કર્યું હતું. જેમાં સ્થાનિક કાર્યકર વિનુભાઈ પટેલ તથા કાલિદાસ પટેલ પણ દૃષ્ટિગોચર થઈ રહ્યા છે.

તલોદ આર્ટસ કોલેજની શિબિર ભદ્રેવાડીમાં યોજાઈ

તલોદ, તા. ૮

શેઠ એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ. એમ. કોમર્સ કોલેજ તલોદના એન.એસ.એસ. યુનિટની શીબિર કાંકરેજ તાલુકાના પુરગ્રસ્ત ભદ્રેવાડી ગામે યોજાઈ હતી. આચાર્ય ડૉ. જે.સી. પટેલના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ ઓફિસર દિલીપકુમાર ચાવડા, પ્રો. જે.એસ. ધોન્ડેની રાહબરી હેઠળ યોજાઈ હતી. શિબિરનું ઉદ્ઘાટન સરપંચ કાંતિજી જાલેરાએ કર્યુ હતુ. સમાપન સમારંભમાં ગ્રામ શિલ્પીના પ્રમુખ જેતસીભાઈ ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષપદે ધારસિંહભાઈ ઠાકોર, ઉપસરપંચ જીતેન્દ્ર ફકરૂદ્દીન ઉકાણી, મનુભાઈ પુરોહિત, આચાર્ય ગોપાલભાઈ જોશી, ગ્રામ શિલ્પી દશરથભાઈ ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. શિબિરમાં શેરી નાટકો, ગ્રામસફાઈ, આરોગ્ય વિષયક કામગીરી, ગરબા, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. સંચાલન પ્રોગ્રામ ઓફિસર પ્રો. દિલીપકુમાર ચાવડાએ કરેલ હતુ.

શ્રી બાવન વાંટા રાજપૂત સમાજનું નૂતનવર્ષ સ્નેહમિલન યોજાયું

પાલનપુર, તા. ૮

શ્રી બાવન વાંટા રાજપૂત સમાજનો નૂતનવર્ષ સ્નેહ મિલન સમારોહ સરસ્વતી કન્યા છાત્રાલય, વડગામ ખાતે યોજાયો હતો જેમાં

ગુજરાત ઔદ્યોગીક વિકાસ નિગમના નવનિયુક્ત ચેરમેનશ્રી બલવંતસિંહ રાજપૂત અને ગુજરાત બિન અનામત આયોગના સભ્યશ્રી કરણસિંહ ચાવડાનો સત્કાર સમારંભ પણ યોજાયો હતો.

સમાજના લબ્ધપ્રતિષ્ઠીત સાહિત્યકાર અને કેળવણીકાર કિશોરસિંહ સોલંકીના અધ્યક્ષસ્થાને યોજાયેલ સમારોહમાં રાજપૂત સમાજની વિવિધ સંસ્થાઓ જેવી કે, શ્રી રાજપૂત કેળવણી સહાયક મંડળ, શ્રી રાજપૂત સમાજ મિલ્કત ટ્રસ્ટ અંબાજી, પાલનપુર શહેર રાજપૂત સમાજ, બાવન વાંટા યુવા સંગઠન અને સરસ્વતી શરાફી મંડળી દ્વારા બલવંતસિંહ રાજપૂત અને કરણસિંહ ચાવડાનું વિશીષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બલવંતસિંહ રાજપૂતે સમાજમાં ભાઈચારો અને એકતા જળવાઈ રહે અને સમાજના સૌ યુવાનો ઔદ્યોગીક અને શૈક્ષણિકક્ષેત્રે આગળ વધે તેવી શુભકામનાઓ પાઠવી હતી. આગામી સમયમાં સૌને ખભેખભા મિલાવી સમાજ ઉત્થાનના કામે સક્રિય થવા હાંકલ કરી હતી.

શ્રી કરણસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે, રાજપૂત સમાજને અનામતનો લાભ મળે તે માટે આપણે વર્ષોથી લડત ચલાવીયે છીએ, સરકારે બિન અનામત વર્ગો માટે આયોગની રચના કરી છે. જેના માધ્યમથી સમાજના યુવાનો અને બે રોજગારો માટે ખુબ મોટુ કામ થઈ શકશે.

અધ્યક્ષસ્થાનેથી જાણીતા કેળવણીકાર કિશોરસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, રાજપૂત સમાજ શૈક્ષણીકક્ષેત્રે આગળ વધી રહ્યો છે તે ખુશીની વાત છે. તેમણે જણાવ્યું કે બલવંતસિંહ રાજપૂત રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાઈ શકે તેમ હતા પણ કેટલાક ચોક્કસ પરીબળોએ તેમને સંસદમાં જતા રોકયા છે. આગામી સમયમાં આવા સમાજ વિરોધી પરીબળોને પાઠ ભણાવવા તેમણે સમાજના સૌ વડીલો અને યુવાનોને શીખ આપી હતી.

કાંકરેજ વિધાનસભા ચૂંટણી સંદર્ભે બેઠક યોજાઈ

કાંકરેજ, તા. ૮

પ્રાપ્ત વિગતો અનુસાર ગુજરાત વિધાનસભાની ચૂંટણીના

બ્યુગલ ફુંકાઈ ગયા છે. ત્યારે ચૂંટણી પંચ દ્વારા તડામાર તૈયારીઓ કરી દેવાઈ છે.

જેમાં કાંકરેજ વિધાનસભાની ચૂંટણીને ધ્યાને લઈ મામલતદાર કચેરી ખાતે ના. કલેક્ટર ચાવડાની અધ્યક્ષસ્થાને કોંગ્રેસ અને ભાજપના પ્રમુખો મંત્રીઓ સાથે બેઠક યોજી ચર્ચા કરાઈ હતી અને ચૂંટણી વિશેની માહિતી આપી હતી. જેમાં વિધાનસભાના ઉમેદવારે રૂ. ૧૦,૦૦૦ ડિપોઝીટ ભરવાની રહેશે તેમજ એસી, એસટી ઉમેદવારે રૂ. ૫૦૦૦ની ડિપોઝીટ ભરવાની રહેશે તેવું જણાવાયું હતું. જો કે ઉમેદવાર જ્યારે ઉમેદવારી પત્રક ભરવા આવે ત્યારે ૩ વાહનો સાથે પાંચ વ્યક્તિઓને જ ઓફિસમાં પ્રવેશ આપવામાં આવશે તેમજ ઉમેદવારે છેલ્લા ૧૦ વર્ષથી કોઈ સરકારી લેણુ બાકિ નથી તેવા સોગંધનામા રજુ કરવાના રહેશે અને રાત્રે ૧૦ વાગ્યા પછી માઈક બંધ કરવા આદેશો અપાયા હતા.

વિધાનસભાના ઉમેદવારે ૨૮ લાખ રૂપિયાનો ખર્ચ કરવાનો રહેશે અને ૨૦ હજાર કરતા વધુ રકમ માટે ચેકથી વ્યવહાર કરવો અને નવા બેંક એકાઉન્ટ ખોલાવવા જણાવ્યુ છે અને પુર હોનારતને લઈ સ્કૂલોમાં નુકશાન થતાં ૧૬ જેટલા મતદાન મથકો બદલાયા છે. અને ખાસ વી.વી. પાર્ટ મશીન દ્વારા મતદાન કરાશે. જેમાં ૫૦ જેટલા મતોનું હોવાનું ૭ સેકન્ડ સુધી મતદારે આપેલ મત જોઈ શકાશે. આથી ઘણી બધી બાબતો ઉપર ચૂંટણીને ધ્યાને લઈ બેઠક યોજાઈ હતી.

આજે ઈવીએમ તથા વીવીપીએટનું રેન્ડમાઈઝેશન કરાશે

સાબરકાંઠા જિલ્લામાં સમાવિષ્ટ વિધાનસભા મતદાર વિભાગની તમામ (ચાર) વિધાનસભા મતક્ષેત્રનું આજે તા. ૯ નવેમ્બર ૨૦૧૭ ગુરૂવારના રોજ ઈવીએમ તથા વીવીએટનું તથા સ્ટાફનું રેન્ડમાઈઝેશન કરવામાં આવનાર છે. તથા ત્યારબાદ દરેક ચૂંટણી અધિકારીશ્રીઓને ઈવીએમ/વીવીપેએટ મશીનો ફાળવવામાં આવશે તથા પ્રિસાઈડિંગ તેમજ પોલીંગ ઓફિસરશ્રીઓની નિમૂણૂંકના હુકમો કરવામાં આવશે એમ જિલ્લા ચૂંટણી શાખાએ જણાવ્યું છે.

અમીરગઢ તાલુકાના ઢોલીયા મુકામે ઈવીએમ અને વીવીપેટનું નિદર્શન

પાલનપુર, તા. ૮

વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે બનાસકાંઠા જિલ્લામાં તટસ્થ, ન્યાયી, નિર્ભય, નિષ્પક્ષ અને મુક્ત માહોલમાં ચૂંટણી યોજાય તથા મતદાનમાં વિક્રમજનક વધારો થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર આર.જે. માકડીયાની સુચના અને માર્ગદર્શન અનુસાર વ્યાપક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ચૂંટણીપંચની સુચના અનુસાર આ ચૂંટણીમાં ઈવીએમ સાથે વીવીપેટ મશીનોનો પણ ઉપયોગ થશે. જેનાથી મતદાર પોતે જાણી શકશે કે તેમણે આપેલ મત કોને મળ્યો છે.

અમીરગઢ તાલુકાના ઢોલીયા મુકામે જિલ્લા ચૂંટણી અધિકારી કમ કલેક્ટર આર.જે. માકડીયાની ઉપસ્થિતિમાં ઈવેએમ અને વીવીપેટ મશીનોનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામનો સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા. ૮

પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામનો સ્નેહમિલન સમારંભ તા. ૧૨મી નવેમ્બરના રોજ ઉત્કંઠેશ્વર મહાદેવ, પ્રજાપતિ વિશ્રાંત ભવન ખાતે યોજાશે. વિવિધ ક્ષેત્રમાં તેજસ્વી કારકિર્દી ધરાવતાઓનું સન્માન કરાશે. ચક્ષુદાતાના વારસદારોનું અભિવાદન કરાશે. સ્નેહમિલનમાં હાજર રહેવા પ્રમુખ નારણભાઈ પ્રજાપતિએ જણાવેલ છે.

ભિલોડાના માંકરોડાના બંધ મકાનમાંથી દોઢ લાખની ચોરી

ભિલોડા,તા.૮

ભિલોડા તાલુકાના માંકરોડા આશાપુરા સોસાયટીમાં બંધ મકાનમાં અજાણ્યા તસ્કરો મધ્યરાત્રે ત્રાટક્યા હતા.રૂા.૧,૫૦,૦૦૦/- ના સોના-ચાંદીના ઘરેણાની ચોરી કરી તસ્કર ટોળકી પલાયન થઈ ગઈ હતી. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. ઈન્દુબેન ગામેતીના જણાવ્યા મુજબ માંકરોડા આશાપુરા સોસાયટીમાં મકાન ધરાવતા કાંતીલાલ નગજીભાઈ ગામેતીના બંધ મકાનમાં અજાણ્યા તસ્કરો મધ્યરાત્રે ત્રાટક્યા હતા. ઘરના દરવાજાના તાળા તોડી ઘરની અંદર પ્રવેશ કરી સામાન વેર-વિખેર કરી નાખ્યો હતો. તિજોરી કબાટમાં મુંકેલા સોના-ચાંદીના ઘરેણાની આશરે કિંમત રૂા.૧,૫૦,૦૦૦/-ની ચોરી કરી ત્રસ્કર ટોળકી પલાયન થઈ ગઈ હતી. ભિલોડા તાલુકાના માંકરોડા ગામના રહેવાસી કાંતીલાલ નગજીભાઈ ગામેતીએ ચોરી સંદર્ભે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ. આર. સંગાડા ચોરીના બનાવ સંદર્ભે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

વિધાનસભા સમાન્ય ચૂંટણી-૨૦૧૭ યોજાનાર છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના રાજકીય ગતિવિધીઓની પળે પળની ખબર મળી રહે અને સાબરકાંઠા જિલ્લાની અગાઉની ચૂંટણીનો રાજકીય ઈતિહાસની વિગતોથી સજ્જ મીડીયા સેન્ટરને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી પી.સ્વરૂપ જિલ્લા માહિતી કચેરી ખાતેથી ખુલ્લુ મુક્યુ હતું.

કંપની સમાચાર

ઈબી-5 વિઝા યુએસએનું નાગરિકત્વ મેળવવાનું ટ્રમ્પ કાર્ડ

લોકોને જો એક તક આપવામાં આવે તો મોટા ભાગના લોકો સમૃદ્ધિ અને સાહ્યબી માટે યુ.એસ.એ. સ્થળાંતર કરવાનું પસંદ કરશે. ભારતના ઈમિગ્રન્ટ સો દાયકાઓથી અમેરિકા જવાના સપના સજાવીને બેઠા છે. યુ.એસ.ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટીઝના આંકડા પ્રમાણે ૨૦૧૫માં વિશ્વભરના કુલ ૧૦,૫૧,૦૩૧ લોકોએ ખૂબ જ પ્રખ્યાત કાનૂની કાયમી નિવાસી (એલપીઆર-લોકલ પર્મેનેન્ટ રેસિડન્ટ) સ્થિતિ મેળવી લીધી છે. ભારતીય મૂળના લોકો આ એલપીઆર અથવા ગ્રીન કાર્ડધારકોની નોંધપાત્ર સંખ્યા ધરાવે છે.

વાસ્તવમાં યુ.એસ.એ.માં ઈમિગ્રન્ટસની વૈશ્વિક યાદીમાં ભારત ટોચના ત્રણમાં સ્થાન ધરાવે છે. મેક્સિકો ૧૫ ટકા સાથે ટોચ પર છે. ૭ ટકા સાથે ચીન બીજા સ્થાને છે અને ભારત આ યાદીમાં છ ટકા સાથે ત્રીજા સ્થાને છે. ફિલિપાઈન્સ અને ક્યૂબા સહિત ઉપરના જણાવેલા ત્રણ દેશો ૨૦૧૫માં એલપીઆર સ્થિતિ (ગ્રીન કાર્ડ) મેળવનારા ૩૯ ટકા લોકોનું પ્રતિનિધિત્વ કરે છે.

કાર્ડિઓટ્રેક ગુજરાતમાં વિસ્તરણ કરશે

કંપનીએ હૃદયની સારવારમાં એઆઈ આધારિત ઉકેલ પૂરો પાડવા સ્ટાર હોસ્પિટલ સાથે જોડાણ કર્યુ

બેંગ્લોર સ્થિત સ્ટાર્ટ અપ કાર્ડિઓટ્રેક ગુજરાતમાં તેના વિસ્તરણની જાહેરાત કરી છે. તે હૃદય અને રક્તવાહિનીઓ સંબંધિત બીમારીઓના નિદાનમાં સૌથી શ્રેષ્ઠ છે. કંપનીએ ગુજરાતમાં વાસ્તવિક સમયમાં નિદાનનો ઉકેલ પૂરો પાડવા અમદાવાદ સ્થિત મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ ચેઈન સ્ટાર હોસ્પિટલ્સ સાથે ભાગીદારી કરી છે. આ વિસ્તરણે કાર્ડિઓટ્રેકને એઆઈ આધારિત હૃદયની સારવાર પૂરી પાડતી પાન ઈન્ડિયા કંપની બનાવી છે.

ભારતના વસતી ગણતરી અહેવાલ મુજબ ગુજરાતમાં ૨૪ ટકા પુરૂષો અને ૧૯ ટકા મહિલાઓના મૃત્યુ હૃદય અને રક્તવાહિનીઓની બીમારીને કારણે થાય છે. શ્વાસોશ્વાસ સંબંધિત બીમારીઓ, ક્ષય રોગ અને કેન્સર ત્રણેય કરતાં વધુ લોકોનાં મોત હૃદયની બીમારીને કારણે થાય છે. હકીકતમાં ગુજરાત તેના સમાજની વ્યાપારિક પ્રકૃતિના કારણે સમૃદ્ધ અને વિકસિત શહેરી સંસ્કૃત ધરાવે છે. મીઠાઈ અને તળેલા ભોજન તરફ તેમના લગાવને કારણે અહીં લોકો હૃદયની બીમારીનો ભોગ વધુ બને છે.

મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસના સ્ટાર પ્રચારકો મેદાનમાં ઉતર્યા હતા. ભ્રષ્ટાચાર સહિતના મુદ્દા મુખ્ય બન્યા હતા. ભાજપ તરફથી પૂર્વ મંત્રી અનિલ શર્મા સહિત ચાર પૂર્વ કોંગ્રેસીઓને ટિકિટ આપી છે. મુખ્યમંત્રી અને પૂર્વ મુખ્યમંત્રી બંને પોતાની સીટો બદલી ચુક્યા છે અને અર્કી તથા સુઝાનપુરથી ચૂંટણી લડી રહ્યા છે. મંડીસદર સીટ પરથી પૂર્વ દૂરસંચાર પ્રધાન સુખરામના પુત્ર અનિલ શર્માની સામે કોંગ્રેસના મંત્રી કોલસિંહ ઠાકુરની પુત્રી ચંપા ઠાકુર મેદાનમાં છે. કોંગ્રેસ અને ભાજપના ક્રમશઃ ૩૫ અને ૨૮ ધારાસભ્યોની સાથે ચાર અપક્ષો છે. ચૂંટણીમાં ૧૮૦થી વધારે અપક્ષ અને કોંગ્રેસના એક ડઝનથી વધારે અસંતુષ્ટો પણ મેદાનમાં છે. મતદારોની સંખ્યા ૫૦૨૫૯૪૧ છે. રાજ્યમાં ૭૫૨૫ મતદાન કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે. પોલીસ અને હોમગાર્ડના ૧૭૮૫૦ કર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પંચે હિમાચલ પ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે તારીખોની ૧૨મી ઓક્ટોબરના દિવસે જાહેરાત કરી હતી. આની સાથે જ ચૂંટણી માટેનો તબ્બો ગોઠવાઈ ગયો હતો. આવતીકાલે મતદાન બાદ હવે ૧૮મી ડિસેમ્બરના દિવસે મતોની ગણતરી થશે. આ વખતે રાજ્યમાં પણ આમા મતદાન મથકો ઉપર વીવીપેટનો ઉપયોગ કરવામાં આવનાર છે. દેશમાં હિમાચલ પ્રદેશ એવું પ્રથમ રાજ્ય બનશે જ્યાં તમામ મતદાન મથકો પર વોટર વેરિફાઈડ પેપર ઓડિટ ટ્રાયલનો ઉપયોગ કરવામાં આવશે. હિમાચલની સાથે સાથે ગુજરાતમાં પણ વીવીપેટનો ઉપયોગ કરવામાં આવનાર છે.

આભાર માન્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને ઈમાનદાર લોકોને લાભ થઈ રહ્યા છે. તેમણે કહ્યુ છે કે ૧૦૦૦ અને ૫૦૦ની નોટ બંધ થઈ જવાથી ગરીબ અને ઈમાનદાર લોકોની ઉંઘ હરામ થઈ નથી. વિડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે નોટબંધીના કારણે દેશમાં કાળા નાણાં બેંકોમાં પરત ફર્યા છે. સરકારની પાસે આજે તેમની માલિકીના નામ, સરનામા અને ચહેરા આવી ચુક્યા છે. ૨૩ લાખ બેંક ખાતામાં જમા કરવામાં આવેલી ૩.૬૮ લાખ કરોડની રકમ તપાસના ઘેરામાં છે. વિડિયોમાં કહેવામાં આવ્યુ છે કે નોટબંધીના કારણે ત્રાસવાદ અને નક્સલવાદ પર પ્રહાર કરાયો છે. તેમની કમર તુટી ગઈ છે. કાશ્મીરમાં પથ્થરબાજીની ઘટનામાં ૭૫ ટકાનો ઘટાડો થયો છે. નક્સલી ઘટનામાં ૨૦ ટકાનો ઘટાડો થયો છે. બનાવટી નોટ અને ડ્રગ્સના કારોબારની કમર તુટી ગઈ છે. સેલ કંપનીઓ પર કરવામાં આવેલી કાર્યવાહીને વિડિયોમાં સર્જિકલ સ્ટ્રાઈક તરીકે ગણાવીને તેની પ્રશંસા કરવામાં આવી છે.

બેઠક

● અનુસંધાન પહેલાનું ચાલુ

બેઠક મળી હતી જેમાં ૧.૫ કરોડથી ઓછા ટર્ન ઓવર ધરાવતા નાના કરદાતાઓને રાહત આપવામાં આવી હતી. સરકારે ફરી એકવાર વધુ સરળ પ્રક્રિયા સાથે આગળ વધવાની તૈયારી કરી લીધી છે. ગયા સપ્તાહમાં જ જુલાઈ મહિના માટે જીએસટીઆર-૨ ફોર્મ દાખલ કરવા માટે તારીખ ૩૦મી નવેમ્બર સુધી વધારી દેવામાં આવી હતી જે અગાઉ ૩૧મી ઓક્ટોબર સુધીની હતી. જુલાઈ જીએસટીઆર-૩ રિટર્ન માટેની અવધિ એક મહિના સુધી વધારીને ૩૧મી ડિસેમ્બર કરવામાં આવી હતી. જીએસટી વ્યવસ્થા પહેલી જુલાઈથી અમલી બનાવવામાં આવી હતી. નવી પરોક્ષ કરવેરા વ્યવસ્થાનો વિરોધ થઈ રહ્યો છે. કારણ કે, કેટલીક દુવિધાઓ હાલ રહેલી છે.

ભિલોડામાં આકાર કોમ્પલેક્ષ, એસ.બી.આઈ.લાટી બજાર શાખાના મેળા ઉપર આંખના રોગોની સારવાર માટે કાયમી ધોરણે વિઝન સેન્ટરનો શુભારંભ કરાતાં આનંદની લાગણી પ્રસરી છે. અંધજન મંડળ અમદાવાદ,સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ, બારેજા આંખની હોસ્પિટલ અને ભિલોડા ઉદય સેવા સંસ્થાન ધ્વારા આંખના રોગોની તપાસ અને સારવાર માટે કાયમી ધોરણે વિઝન સેન્ટરનો ભિલોડા ખાતે શુભારંભ કરાયો હતો. કેમ્પમાં ૧૨૦ થી વધુ આંખોના દર્દીઓની તપાસ કરાઈ હતી. ૧૯ દર્દીઓના મોતીયાના ઓપરેશન માટે નવલભાઈ અને હિરાબા આંખની હોસ્પિટલ બારેજા હોસ્પિટલમાં લઈ જવાયા હતા.

હવા પ્રદૂષણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્થિતિમાં નથી. ખાનગી અને સરકારી સહિત તમામ સ્કૂલો તમામ વર્ગ માટે રવિવાર સુધી બંધ રહેશે. તેમણે કહ્યું હતું કે, આરોગ્યના નિષ્ણાતો સાથે વાતચીત કરવામાં આવી રહી છે. માધ્યમિક સ્કૂલના વિદ્યાર્થીઓને પણ આવી જ સલાહ આપવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, એર ક્વોલિટી ઈન્ડેક્સ ૫૦૦ના સ્કેલમાં ૪૪૮ સુધી પહોંચી ગયા બાદ આ નિર્ણય કરાયો છે.

આજે એક્યુઆઈ ૪૮૪ રહ્યો હતો. દિલ્હીમાં હવા પ્રદૂષણની સ્થિતિ ખુબ જ ચિંતાજનક બનેલી છે. શહેરમાં લોકો આના સકંજામાં આવી રહ્યા છે. સિસોદિયાની ઓફિસ તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, પંજાબ અને હરિયાણામાં પણ મોટી સંખ્યામાં વાહનો દિલ્હીમાં પ્રવેશ કરે છે. દિલ્હીમાં પ્રદૂષણને લઈને અગાઉ પણ અહેવાલો આવી ચુક્યા છે. સુપ્રીમ કોર્ટે આની ગંભીર નોંધ અગાઉ લીધી હતી અને દિવાળી ઉપર ફટાકડા ન ફોડવાનો આદેશ કર્યો હતો. આ નિર્ણયને લઈને જોરદાર વાંધો ઉઠાવવામાં આવ્યો હતો પરંતુ સુપ્રીમ કોર્ટે નિર્ણય પર ફેર વિચારણા કરવાનો ઈન્કાર કર્યો હતો.

હા, સાહેબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરિવર્તન જ થવાનું છે..!!"

"પરિવર્તન થાય કે પુનરાવર્તન થાય... પ્રજાના બન્ને હાથમાં લાડુ છે..! પુનરાવર્તન થશે તો ગુજરાતને સબળ વિરોધ પક્ષ મળશે અને પરિવર્તન થશે તો નવા ચહેરાઓને તક મળશે..!! અને પ્રજાને નવા શાસનનો અનુભવ થશે..!!"

- નિમિત્ત માત્ર